# ઓ રે જીવ! તું તારા મનને કૃષ્ણમય બનાવ

**આચમન**
**બિપિન પટેલ**

આપણે મંદિરમાં જઈએ છીએ. ભગવાનને પુષ્પ કે પુષ્પમાળા અર્પણ કરીએ છીએ. પ્રણામ કરીએ છીએ. બહાર આવીએ છીએ. બહાર આવ્યા પછી કોઈ આપણને પૂછે કે ઠાકુરજીનો મુકુટ કેવો હતો? તેમનો શ્રૃંગાર કેવો હતો? તેમના વાઘા કયા રંગના હતા? તમે તેમની આંખોમાં શું જોયું? પ્રસન્નતા કે અપ્રસન્નતા? - આ બધા પ્રશ્નોના જવાબ આપણી પાસે ભાગ્યે જ હોય છે! કદાચ નથી પણ હોતા! કારણ કે આપણે એ બધું યંત્રવત કર્યું હોય છે. જો કે અપવાદ હશે પરંતુ તેમની સંખ્યા અલ્પ હશે કે જેઓ ઠાકુરજીની મૂર્તિ સમક્ષ લાંબા સમય સુધી ઊભા રહેશે. તેમની આંખોમાં તાકી રહેશે. મનોમન તેમની સાથે વાતો કરશે! તો વળી ઠાકુરજીને ઠપકો પણ આપશે અને તેમના પ્રત્યે અહોભાવ પણ વ્યકત કરશે. ઠાકુરજીના દર્શનની આ જ સાચી રીત છે. પરંતુ ...? આપણી પાસે સમય ક્યાં છે?

આપણે ઠાકુરજીના શ્રી ચરણોમાં પુષ્પ તો અર્પણ કર્યું પરંતુ... જરા તેને સાંભળવાનો પ્રયત્ન કરીએ. પુષ્પ પોતે બોલતું નથી- તેનો રંગ અને સુગંધ બોલે છે. તેની મહેકમાં પરમાત્માની મહેક છુપાયેલી છે. અરે! સ્વયં પરમાત્માનું સ્વરૂપ છે! પ્રભુ પરમાત્માનું એક નામ છે રાજીવલોચન. કમળ સમાન જેમના નયનો છે તે. પુષ્પનું બીજું નામ છે સુમન. અર્થાત્ સુ - મન, સારું મન. ખરેખર તો આપણે જ્યારે ઠાકુરજીના ચરણોમાં પુષ્પ અર્પણ કરીએ છીએ ત્યારે આપણે પુષ્પરૂપી મનને અર્પણ કરીએ છીએ કારણ કે આપણું મન કોઈ વસ્તુ નથી કે તેને બહાર કાઢીને આપણે તેને ઠાકુરજીને અર્પણ કરી શકીએ. ઠાકુરજીને પુષ્પ અર્પણ કરવા પાછળનો એક હેતુ



આ પણ છે. ભગવાન શ્રી કૃષ્ણ ગીતાજીના માધ્યમ દ્વારા સ્પષ્ટ કહે છે - મન્મના ભવ હે જીવા તું તારા મનને મારામાં પરોવ; મારામય બનાવ! (18-65) ભગવાન તો મન માંગે છે. તેઓ ધન નથી માંગતા. એટલે જ ભગવાનને પુષ્પ અર્પણ કરવામાં સમર્પણનો ભાવ પણ રહેલો છે. જીવ જ્યારે પરમાત્માને પૂર્ણપણે સમર્પિત થાય છે ત્યારે તેનું જીવન સાર્થક બને છે. ભગવાન શ્રીકૃષ્ણે તો એમ પણ કહ્યું છે - જેણે પોતાના મન, બુધ્ધિ મને અર્પણ કર્યાં છે, તે ભક્ત મને પ્રિય છે. (12-14) જરા થોભો! કહેવાયું છે કે મન છે તો માનવ છે અને બુધ્ધિ તો પરમાત્મા તરફથી તેને મળેલી અદભુત ભેટ છે. માનવી જ્યારે પોતાનું મન અને પોતાની બુધ્ધિ સાચા હૃદયથી પરમાત્માને અર્પણ કરે છે ત્યારે તે પરમાત્મામય બની જાય છે, કૃષ્ણમય બની જાય છે.

જરા વિચારો! પુષ્પ તો આપણે પરમાત્માના ચરણોમાં અર્પણ કરીએ છીએ પરંતુ મનને અર્પણ કરીએ છીએ ખરા? કહીએ તો છીએ કે પ્રભુ, આ પુષ્પરૂપી મારું મન તમને અર્પણ કરું છું. જગદીશને નહીં જગતને અર્પણ કરી દીધું છે! શ્રીકૃષ્ણ ભલેને કહેતા રહે કે... મન્મતા ભવ - તું મારા મનને મારામાં પરોવ પરંતુ આપણે તો તેને સંસારના સંબંધો અને પદાર્થો તેમ જ સામાજિક માન- પ્રતિષ્ઠામાં પરોવી દીધું છે. શું આપણને મળેલો આ માનવજન્મ રૂપી અમૂલ્ય અવસર વ્યર્થ ગુમાવીશું? થોભો જરા, જાગ્યા ત્યાંથી સવાર! મીરાં - નરસિંહને આપણે આપણા જીવનના આદર્શ બનાવીએ, આપણા પ્રેરણાસ્ત્રોત બનાવીએ. તેમણે દર્શાવેલા માર્ગે ચાલીને આપણે

> ભગવાન તો મન માંગે છે. તેઓ ધન નથી માંગતા. એટલે જ ભગવાનને પુષ્પ અર્પણ કરવામાં સમર્પણનો ભાવ પણ રહેલો છે. જીવ જ્યારે પરમાત્માને પૂર્ણપણે સમર્પિત થાય છે ત્યારે તેનું જીવન સાર્થક બને છે

આપણા જીવનની પ્રત્યેક ક્ષણને શ્રીકૃષ્ણમય બનાવીએ. તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ - હે મારા મનનું શિવ (કલ્યાણકારી) સંકલ્પ કરીશું એવો શિવ સંકલ્પ!

# સ્થૂળ બુદ્ધિ અને સૂક્ષ્મ બુદ્ધિ



**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

એક રાજાને પોતાનું આયુષ્ય જાણવાની ઉત્કંઠા થઈ એટલે એણે કોઈ જાણતલ જોષીને બોલાવડાવ્યો. જોષી રાજસભામાં આવ્યો. રાજાએ પોતાનું આયુષ્ય કેટલું છે? એવો પ્રશ્ન કર્યો. જોષીએ ગ્રહદશાની ગણતરી કરી કહ્યું: ''મહારાજ, આપ દુઃખ ન લગાડો તો જણાવું.'' રાજાએ કહ્યું, ''જણાવો જયોતિષાચાર્ય'' ત્યારે જયોતિષીએ કહ્યું, ''મહારાજ આપનું આયુષ્ય હવે માત્ર સાત દિવસનું જ છે પણ દુઃખી ન થશો. એ સાત દિવસ પણ ખુશીથી જીવી લો.''

આ સાંભળી રાજા દંગ રહી ગયો, સભામાં ભારે સન્નાટો વ્યાપી ગયો. રાજાને એકદમ ગુસ્સો આવ્યો અને કહ્યું: ''આ જયોતિષી ખોટો છે, એને કાઢી મૂકો.''

જયોતિષી તરત બે હાથ જોડી ચાલ્યો ગયો. તેના ગયા પછી રાજા બેચેન થઈ ગયો. એ વિચારવા લાગ્યો, હવે શું કરવું? કોઈ બીજા જોષીને બોલાવી પૂછી જોઈએ.

એમ વિચાર આવતાં રાજાએ બીજા દિવસે બીજા કોઈ નામી જોષીને બોલાવી લાવવા હુકમ કર્યો. બીજા દિવસે સભામાં બીજો જયોતિષી આવ્યો. રાજાએ તેને આયુષ્ય અંગે પ્રશ્ન કર્યો. આ નવો જયોતિષી વિદ્વાન અને બુદ્ધિશાળી હતો. એણે રાજાની કુંડળી, ગ્રહો વગેરેનો અભ્યાસ કરી તારણ કાઢયું તો તારણ યાને નિષ્કર્ષ ખરાબ હતો. રાજાનું મૃત્યુ ટૂંક સમયમાં થશે એવો નિર્દેશ હતો પણ તે એકદમ બોલ્યો નહીં. થોડો સમય વિચાર કર્યો.

રાજાએ કહ્યું, ''મહારાજ શું વિચારો છો?'' જયોતિષીએ વિચારી લીધું કે, રાજાને આ વાત કડવી લાગશે પણ એ વાત બીજી રીતે કહેવી પડશે.

જયોતિષી બોલ્યો, ''મહારાજ, આપનું આયુષ્ય તો એટલું સરસ છે કે, આપના આયુષ્યકાળમાં આપને આપના કોઈ સગાંસંબંધીનું મૃત્યુ જોવું નહીં પડે. એટલે આપે કોઈના મૃત્યુથી દુઃખી થવું નહીં પડે. તમે આનંદથી જીવો. આનાથી બીજી શું વાત સારી હોઈ શકે.''

રાજી ખુશ થઈ ગયો, એમ મારું આયુષ્ય સારું છે, દુઃખી નહીં થવું પડે અને રાજાએ એને ઈનામ આપીને વિદાય કર્યો.

જયોતિષી એની બુદ્ધિમત્તા, બુદ્ધિચાતુર્ય પર ખુશ થતો ચાલ્યો ગયો. વાત એ છે કે કઈ વાત કેવી રીતે કરવી, કેવા સંજોગોમાં કરવી એ બધું વિચારવું પડે.

> કઇ વાત કેવી રીતે કરવી, કેવા સંજોગોમાં કરવી એ બધું વિચારવું પડે. એ બુદ્ધિની સૂક્ષ્મતા છે. ચાતુર્ય છે. કડવી વાત મીઠાશ ઉમેરીને કરો તો ગળે ઊતરી જાય

એ બુદ્ધિની સૂક્ષ્મતા છે. ચાતુર્ય છે. કડવી વાત મીઠાશ ઉમેરીને કરો તો ગળે ઊતરી જાય.




## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૬થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૬

**તા. ૧૨ સોમવાર**
પોષ વદ નોમ સ્વામી વિવેકાનંદ જયંતી, રાષ્ટ્રીય યુવા દિન

**તા. ૧૩ મંગળવાર**
પોષ વદ દશમ

**તા. ૧૪ બુધવાર**
પોષ વદ એકાદશી - મકરસંક્રાતિ ,ધનાર્ક કમૂર્હુતા પુરા, સંક્રાંતિ પુણ્યકાળ બપોરે 3-08 કલાકથી સૂર્યાસ્ત સુધી. ષટ્તિલા એકાદશી, રામનાથ ઘેલા યાત્રા, ઉમરા,પૂ. દત્તવિજયાનંદ તીર્થ સ્વામીજી જન્મોત્સવ, મૈસુર, શ્રીલીલાવિશ્વંભરા દત્તમંદિર, ડુમસ રોડ મગલદલ્લા ચોકડી નજીક ઉજવાશે.

**તા. ૧૫ ગુરુવાર**
પોષ વદ બારસ - કરિ દિન

**તા. ૧૬ શુક્રવાર**
પોષ વદ તેરસ - પ્રદોષ, શિવરાત્રી, જૈન મેરૂ ત્રયોદશી, રાષ્ટ્રીય સંત સમર્થ શ્રી વિશ્વનાથ અવધૂત મહારાજ બ્રહ્મલીન દિન, શ્રી ગુરૂદેવ અવધૂત આશ્રમ રામનગર, રાંદેર, સુરત.

**તા. ૧૭ શનિવાર**
પોષ વદ ચૌદશ

**તા. ૧૮ રવિવાર**
પોષ વદ અમાસ દર્શ અમાસ, મૌની ત્રિવેણી અમાસ

## સુવિચાર




"જિંદગી મને રોજ શીખવે કે જીવતા શીખ,એક સંધાતા તેર તૂટે તો પણ સિવતા શીખ!"